

જન્મશતાબ્દી પુસ્તકમાળા - ૧૮
સાધનામાં વાતાવરણ અને શ્રદ્ધાનું મહત્ત્વ
(પ્રવચન)
- પં. શ્રીરામશર્મા આચાર્ય

## ગાયત્રી મંત્ર અમારી સાથે સાથે :

ૐ, ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ॥

સાધનામાં વાતાવરણ અને શ્રદ્ધાનું મહત્વ

## દેવીઓ અને ભાઈઓ

મિત્રો કેટલાક કામ એવા હોય છે કે જે બહારના લોકો કરી શકે છે, પરંતુ કેટલાક કામ અપણે પોતે જ કરવા પડે છે. બંને ભેગા મળીને પૂર્ણતા પ્રાપ્ત કરે છે. માત્ર બીજા કોઈના આધારે આજ સુધી કોઈના કામ થયા નથી કે પોતાના એકલાંના પ્રયાસથી પણ કોઈ માણસ આજ સુધી સંપન્ન બન્યો નથી. જ્યારે બંનેનો સહયોગ થાય છે અર્થાત્ બહારનું અનુદાન અને પોતાનો પુરુષાર્થ બંને ભેગા મળે છે ત્યારે અદભુત સફળતા મળે છે. કોઈ ખૂબ સ્વાદિષ્ટ ને પૌષ્ટિક ભોજન રાંધીને આપે, પરંતુ તેને પચાવવું તમારે જ પડશે. તમારે જ તેને મોં માં મૂકીને ચાવવું પડશે. કોઈ બીજો માણસ તે ચાવીને તમારા પેટમાં પહોંચાડે અને પચાવી દે એ શક્ય નથી. આ કાર્ય તમારે પોતે જ કરવું પડે છે.

જ્યારે તમારું લગ્ન થયું ત્યારે તમને એક સુંદર ધર્મપત્ની મળી હતી. તે કોણે આપી હતી ? તે છોકરીનાં માતાપિતાએ ખૂબ મહેનતપુર્વક તેને સુયોગ્ય બનાવી, તેનું પાલનપોષણ કર્યું, સારું શિક્ષણ આપ્યું અને પછી તમને સોંપી. તેમનું કામ પૂરું થઈ ગયું,

પરંતુ તમારું કામ હજુ બાકી છે. ઘરમાં ધર્મપત્ની આવ્યા પછી તેની દેખભાળ કરવાની જવાબદારી હવે તમારે નિભાવવાની છે. જો તમે તેના ખાવા પીવાની, કપડા લત્તાની કે આરોગ્યની વ્યવસ્થા નહિ કરો, તેને સંપૂર્ણ સન્માન આપીને તેનો સહયોગ પ્રાપ્ત નહિ કરો, તો તેના માતાપિતાએ આપેલું અનુદાન નકામું જશે અને તમારી ધર્મપત્ની તમારા ખાસ કામની નહિ રહે. તે તમારા માટે ભારરૂપ બની જશે.

મિત્રો ! મેં અહીંયાં જે કાંઈ બનાવ્યું છે તે બધું આપના માટે બનાવ્યું છે. તે ખૂબ સુંદર અને શાનદાર છે, પરંતુ તેનો અનુભવ તો તમારે જ કરવાનો છે, હજમ તો તમારે જ કરવાનું છે. જે કાંઈ કરવાની મારામાં શકિત હતી તે બધું મેં કરી દીધું. શું કરી દીધું ? અહીં શાંતિકુંજમાં તમારા માટે એક વાતાવરણ તૈયાર કર્યું છે.

અહીંયાં તમને શા માટે બોલાવ્યા છે ? તે વાતાવરણનો લાભ લેવા માટે બોલાવ્યા છે. અહીંયાં તમારી પાસે જે કાંઈ કરાવવામાં આવે છે તે તો તમે તમારે ઘેર રહીને પણ કરી શકો છો. એવી કઈ બાબત છે, જે તમે ઘેર કરી શકો તેમ નથી ? ખાનપાન સંબંધી જે નિયમો તમને બતાવવામાં આવ્યા છે તેમનું પાલન શું તમે ઘેર નહોતા કરી શકતા ? કરી શકતા હતા. એવું કયું કારણ છે કે ઘર પર તેમનું પાલન ન કરી શકાય ?

અહીં જે જપ અને અનુષ્ઠાન કરાવવામાં આવે છે એ  શું તમે ઘેર ન કરી શકો ? અવશ્ય કરી શકો. જે નિયમ અને મર્યાદાઓનું પાલન કરવાનું તમને કહેવામાં આવ્યું છે તે મારા પુસ્તકો માંથી વાંચીને તમે ઘેર પણ કરી શકતા હતા. આમ છતાં અહીંયાં અનુષ્ઠાન માટે કેમ આવ્યા ? એનું કારણ અહીંનું દિવ્ય વાતાવરણ છે. આવું વાતાવરણ બનાવવા માટે મેં ખૂબ મહેનત કરી છે. તમે વાતાવરણનું મહત્વ સમજો. જો તે ના સમજો તો તમે બહુ મોટી ભૂલ કરો છો.

એકવાર ગુરુ વરિષ્ઠજીએ રામચંદ્રજીને કહ્યું, "હે રામ! હવે વૃદ્ધાવસ્થા આવી ગઈ છે, તેથી હવે ભગવાનની ભકિત કરવા માટે અને જીવનને ઉચ્ચ બનાવવા માટે થોડોક પ્રયત્ન કરવો જોઈએ." રામચંદ્રજીએ પૂછ્યું કે એ માટે શું કરવું પડશે ? તેમણે કહ્યું કે એના માટે યોગ્ય વાતાવરણમાં જવું પડશે. તો એવું વાતાવરણ ક્યાં છે ?

અહીં અયોધ્યામાં જે વાતાવરણમાં રહો છો તેમાં એવી કોઈ શક્યતા નથી કે હું તમને જણાવી શકું. અહીંયાં તમારા કુટુબીજનો રહે છે, સંબંધીઓ રહે છે, રાજકાજ સંબંધે લોકો આવતા રહે છે, કેટલાક લોકો તમારી સાથે વિચાર વિમર્શ કરવા આવે છે. કેટલાક લોકો પર તમે ખિજાઓ છો. કેટલાક લોકો પ્રત્યે તમને આકર્ષણ છે, તો કેટલાક તમને ગમતા નથી.

અહીંના વાતાવરણમાં આધ્યાત્મિકતાનો વિકાસ થવાની કોઈ સંભાવના નથી. તેથી આપે અયોધ્યા છોડવું જોઈએ. અનેક બંધનોએ તમને અયોધ્યા સાથે જકડી રાખ્યા છે. આથી તમારું મન ભગવાન તરફ વળે જ નહિ. તમે ભકિત નહિ કરી શકો અને અધ્યાત્મનો માર્ગ તમારા માટે ખૂલી શકે નહિ. તેથી તમારે અહીંયાંથી જવું જ પડશે. રામચંદ્રજીએ પૂછ્યું કે ક્યાં જવું પડશે ? ગુરુ વરિષ્ઠિજીએ કહ્યું કે હું જયા રહું છું ત્યાં મારી પાસે રહેવું પડશે.

ગુરુ વરિષ્ઠિજીની ગુફા હિમાલયમાં હતી. એમણે ચારેય ભાઈઓને ત્યાં બોલાવી લીધા. રામચંદ્રજી દેવપ્રયાગમાં રહેવા લાગ્યા. લક્ષ્મણજી લ૧મણ ઝુલા પાસે રહેતા હતા. ભરતજી ઋષિકેશમાં જઈને સ્થિર થયા અને શત્રુઘ્ને મુનિની રેત પર પોતાનું સ્થાન બનાવી લીધું. ચારેય ભાઈઓ અલગ અલગ રહીને ગુરુ વરિષ્ઠના માર્ગદર્શનમાં શિક્ષણ પ્રાપ્ત કરવા લાગ્યા. અયોધ્યામાં શાની ઉણપ હતી ? અયોધ્યામાં હિમાલય જેવું સંસ્કારી અને દિવ્ય વાતાવરણ નહોતું. હિમાલયમાં હજારો વર્ષોથી લોકો તપ અને સાધનાઓ કરે છે. એવું વાતાવરણ અયોધ્યામાં ક્યાંથી મળે ? ત્યાં તો રાજપાટ હતું. લડાઈ ઝઘડા થતા રહેતા. ગુનેગારો સામે કેસ ચાલતા. ત્યાં તપનું વાતાવરણ નહોતું. હજારો વર્ષોથી વિશ્વામિત્ર સહિત બીજા અનેક ઋષિમુનિઓએ જે તપ કર્યું છે તેનાથી હિમાલયનું વાતાવરણ ઉચ્ચ કક્ષાનું બની ગયું છે. તેથી શ્રીરામચંદ્રજીને પણ ગુરુ વરિષ્ઠની આજ્ઞા

અનુસાર દેવપ્રયાગમાં રહેવું પડયું. અયોધ્યામાં રહીને ગુરુ વરિષ્ઠને યોગવાસિષ્ઠ ભણાવીશ કે એમ નહોતા. ત્યાં તો તેઓ રાજપાટ ચલાવવા સંબંધી સલાહ આપી શકતા હતા, પરંતુ આધ્યાત્મિક સાધના માટે તેમણે પણ દેવપ્રયાગને યોગ્ય માન્યું અને હિમાલયના દિવ્ય વાતાવરણમાં તેમની પાસે સાધના કરાવી. ચારેય ભાઈઓ ત્યાં જ રહેતા હતા.

આધ્યાત્મિક જીવનમાં ઉચ્ચ કક્ષાનું વાતાવરણ જરૂરી હોય છે. માત્ર આધ્યાત્મિક જીવનમાં જ નહિ, પરંતુ સાંસારિક જીવનમાં પણ વાતાવરણની જરૂર હોય છે. તમે સાંસારિક જીવનની વાતો તો જાણો છો ને ? સાંસારિક જીવનમાં પણ જો યોગ્ય વાતાવરણ ના મળે તો બહુ મુશ્કેલીઓ ઊભી થાય છે. સુગંધીદાર ચંદન મૈસુર અને કેરલમાં થાય છે. એ જ ચંદનનું વૃક્ષ જો તમે તમારા ગામમાં રોપો, તો તે થશે તો ખરું, પણ એમાં મૈસુરના ચંદન જેવી સુગંધ નહિ હોય. એવી કઈ બાબત છે જે સુગંધને પણ બદલી નાખે છે ? એ છે વાતાવરણ. તેનો આધાર જળ વાયુ પર રહેલો છે.

નાગપુરનાં સંતરાં અને મુંબઈના કેળાં ખૂબ મીઠા હોય છે. એ જ છોડ જો તમે તમારે ત્યાં રોપો તો તે મીઠા નહિ થાય. એનું કારણ ત્યાંના વાતાવરણની વિશેષતા છે. બંગાળાના લોકોનું સ્વાસ્થ્ય તમે જોયું હશે. તેઓ દુબળાપાતળા અને કદમાં નીચા હોય છે. જ્યારે સીમાપ્રાતના લોકો લાંબા અને હૃષ્ટપુષ્ટ હોય છે. તેઓ શું ખાય છે ? એ જ દાળ

રોટલી ખાય છે. તો પછી કયા કારણે તેઓ એટલાં બધા હૃષ્ટપુષ્ટ તથા મજબૂત હોય છે ? એ વાતાવરણની કમાલ છે.

આ સંદર્ભમાં બીજી એક પુરાણી વાત યાદ આવે છે. શ્રવણ કુમાર પોતાના માતાપિતાને ખંભે કાવડમાં બેસાડીને તીર્થ યાત્રા કરાવવા માટે નીકળ્યા હતા. મેરઠ (યુ.પી.) પાસે એક જગ્યા છે. ત્યાં જઈને તેઓ ઊભા રહ્યા અને માતાપિતાને કહ્યું કે તમારી આંખો ખરાબ છે, પણ પગ તો ખરાબ નથી ને ? શું તમારાથી ચાલી ના શકાય ? હું તમારી લાકડી પકડી લઈશ અને તમે મારી પાછળ પાછળ ચાલજો. તમે મારા ખભે શા માટે સવાર થાઓ છો શ્રવણનાં માતાપિતા આશ્ચર્યમાં પડી ગયાં. તેના ખભે બેસીને ચાલવા પછાળ એમનો મતલબ એક જ હતો કે

તેમનો દીકરો સંસારમાં અજર અમર થઈ જાય. આખી દુનિયા તેનું નામ લીધા કરે. પોતાના બાળકોને પ્રેમ આપવા માટે તેનું જીવન એક ગાથા બની જાય, એક ઉદાહરણ બની જાય. એમના બેસવાનું કારણ ચાલવું ન પડે એવું ન હોતું. તેમણે કહ્યું, "સારું, હવેથી તું જેમ કહીશ એવું અમે કરીશું, પણ એક કામ કર. આજે રાત્રે આપણે અહીં નહિ રોકાઈએ. અહીંથી આપણે ખૂબ દૂર જતા રહેવું જોઈએ. અને આ ક્ષેત્રને છોડી દેવું જોઈએ." શ્રવણ કુમારે માતા પિતાનું કહેલું માન્યું અને તે વિસ્તારમાંથી ખૂબ દૂર જતો રહ્યો. જેવો તે વિસ્તાર પૂરો થયો કે તરત જ શ્રવણ કુમારને પોતાના વર્તન બદલ ખૂબ આશ્ચર્ય થયું. તે

ધ્રુસકે ને ધ્રુસકે રડવા લાગ્યો. તેણે કહ્યું કે પિતાજી હું તમને આવું કઈ રીતે કહી શક્યો કે તમે ચાલીને યાત્રા કરો. મને આટલું મોટું સૌભાગ્ય મળ્યું છે એને હું શાથી છોડવા ઇચ્છતો હતો ? પિતાએ કહ્યું, "બેટા, એમાં ગભરાવાની કોઈ જરૂર નથી. વાસ્તવમાં જે જગ્યા પર તને એવો વિચાર આવ્યો ત્યાં મય નામનો એક રાક્ષસ રહેતો હતો. ત્યાં તેણે પોતાના માતાપિતાને મારી નાંખ્યાં હતાં. એ જ સ્થળેથી આપણે પસાર થઈ રહ્યા હતા. પેલા રાક્ષસના પાશવી સંસ્કાર એ ભૂમિમાં હતા. તે ભૂમિના કુસંસ્કારોના લીધે તારા મનમાં એવો વિચાર આવ્યો હતો. હવે આપણે તે ક્ષેત્ર માંથી બહાર નીકળી ગયા છીએ. તેથી હવે તારા વિચારો પણ પહેલા જેવા બની ગયા."

હવે તમે સમજી ગયા હશો કે વાતાવરણની કેટલી બધી અસર થાય છે. તમને મેં એટલાં માટે જ અહીંના વાતાવરણમાં બોલાવ્યા છે. હિમાલયની નજીક બોલાવ્યા છે. હિમાલય અહીંથી જ શરૂ થાય છે. અહીં શિવ અને સપ્તર્ષિઓનું સ્થાન હતું. સ્વર્ગ ક્યાં હતું ? હિમાલયમાં ગોમુખથી આગળ નંદન વનમાં હતું. સ્વર્ગ જમીન પર હતું. સુમેરુ પર્વત પણ ત્યાં જ છે. દેવો એ જ વિસ્તારમાં રહેતા હતા. બધા જ મહાન ઋષિઓ અને સપ્તર્ષિથી માંડીને સનક, સનંદન, નારદ, શંકરાચાર્ય સુધીના બધા જ મહાપુરુષોએ એમની સાધના હિમાલયના એ ક્ષેત્રમાં જ કરી છે. તેથી હિમાલયનું વાતાવરણ પવિત્ર અને અદભુત છે. ગંગાની મહત્તા તો તમે જાણો જ છો. ભૌતિક દૃષ્ટિએ અને આધ્યાત્મિક

દૃષ્ટિએ ગંગાને આખી દુનિયા જાણે છે. જે જગ્યા પર મેં આ શાંતિકુંજ બનાવ્યું છે તેનું મહત્વ મારા ગુરુદેવે બતાવ્યું હતું. અહીં સાત ઋષિઓએ તપ કર્યું હતું. અહીં ગંગાની સાત ધારાઓ હતી. એમાંની બે ધારાઓ તો લુપ્ત થઈ ગઈ છે, પરંતુ પાંચ ધારાઓ હજુ પણ જોવા મળે છે. તો જે ધારાઓ ગાયબ થઈ ગઈ તે ક્યાં ગઈ ? તે આજે જયાં શાંતિકુંજ બન્યું છે ત્યાં જ હતી. એક ધારા અહીંથી બહાર તરફ વહેતી હતી તેને બંધ બાધીને રોકી દેવામાં આવી છે, એમ છતાં તેનું પાણી જમીનમાં વહેતું રહે છે.

શાંતિકુંજની પાછળ એક કોતર જેવું વહે છે. તે પાણી જમીનમાંથી બહાર આવે છે. તમે ગમે ત્યાં થોડોક ખાડો ખોદો તો ગંગાજળ મળે છે. આ ગંગાજીની વિશેષતા છે. શાંતિકુંજ હિમાલયના દ્વાર પાસે બન્યું છે. અહીં એવું પ્રાણવાન વાતાવરણ છે કે પ્રાચીન કાલની જેમ ગાય અને વાઘ એક સાથે પાણી પીવે છે.

શાંતિકુંજમાં પણ આવું જ વાતાવરણ છે. અહીં તમને એવા લોકોનું સાંનિધ્ય મળ્યું છે કે તમે જો આખા હિન્દુસ્તાનમાં ફરો તો પણ તમને આવું પ્રાણવાન સાનિધ્ય બીજે ક્યાંય નહિ મળે. અહીં આધ્યાત્મિક માટે ખૂબ યોગ્ય વાતાવરણ છે. એટલાં માટે તમને અહીં સાધના કરવા માટે બોલાવ્યા છે.

તો ગુરુજી, શું એટલાંથી અમને સફળતા મળશે ? ના બેટા, આટલું જ પૂરતું નથી. તમારે તેની સાથે સાથે તમારે શ્રદ્ધાને પણ જોડવી પડશે. જો તમે શ્રદ્ધાને નહિ જોડો, તો આ જમીન પણ ગંગા કિનારાની બીજી જમીન જેવી જ છે, જયાં લોકો માછલા પકડે છે. જો શ્રદ્ધા અને ભકિતનો અભાવ હોય તો સારા વાતાવરણમાં પણ કોઈ ફાયદો થતો નથી. જો શ્રદ્ધા હોય, તો ગંગા તરણતારિણી બની જાય છે અને પોતાના સંતાનોનો ઉદ્ધાર કરી દે છે, પણ શ્રદ્ધાના અભાવમાં તે માત્ર એક નહેર બની રહે છે. તેનું પાણી સામાન્ય પાણી જેવું જ બની જાય છે. તમારે તમારી શ્રદ્ધાને ઊંચી બનાવી પડશે. તમે તમારી શ્રદ્ધાને જીવંત કરો અને એવો અનુભવ કરો કે અત્યારે તમે જે સ્થાનમાં રહો છો ત્યાંનું વાતાવરણ સાધનાને સફળ બનાવવામાં સમર્થ છે.

સાત ઋષિઓનું આ તપસ્થળ ગાયત્રીના અધિષ્ઠાતા ઋષિ વિશ્વામિત્રનું પણ તપસ્થળ છે. એમણે ગાયત્રી મંત્રનો સાક્ષાત્કાર અહીં જ કર્યો હતો. વિશ્વામિત્ર ક્યાં રહેતા હતા ? તેમની ઝૂંપડી ક્યાં હતી ? અહીં શાંતિકુંજ બન્યું છે ત્યાં જ હતી. આ વિશ્વામિત્રનું સ્થાન છે.

વાતાવરણની કેટલી અસર પડે છે તે તમે જોઈ છે ને ? ચોમાસામાં તીડનો રંગ લીલો હોય છે, પણ ગરમીના દિવસોમાં તે પીળા રંગના થઈ જાય છે. ગરમીમાં તે પીળા કેમ થઈ જાય છે ? એનું કારણ એ છે કે તેને ચારેય બાજુ સુકાઈ ગયેલું ઘાસ જોવા મળે

છે. તેને જોતા જોતા તે પીળા રંગનું થઈ જાય છે. ચોમાસામાં ઘાસ લીલું હોય છે, તેથી તે લીલા રંગના હોય છે. ભઠ્ઠીની પાસે બેસનારનું શરીર પણ ગરમ થઈ જાય છે. જયાં બરફ પડતો હોય ત્યાં રહેવાથી શરીર ઠંડું થઈ જાય છે. તમને પણ અહીં વિશિષ્ટ અનુભવ થયો હશે. હજુ બીજી પણ એક વાત રહી જાય છે. એના વગર તમને અહીંના વાતાવરણનો પૂરો લાભ નહિ મળી શકે. એના માટે શ્રદ્ધા હોવી ખૂબ જરૂરી છે.

જો તમારામાં શ્રદ્ધા ના હોય અને તમે માત્ર અહીંની ઈમારતો જોતા રહો, આશ્રમ જોતા રહો, કોઈ હોટલ કે ધર્મશાળાના રૂપમાં જોતા રહો, તો તમારા માટે તે એવો જ બની જશે. જો તમારામાં ઊંડી શ્રદ્ધા હશે, તો તપમારા માટે તે ગાયત્રીનું તીર્થ છે. મેં એને તીર્થ બનાવ્યું છે. તીર્થોમાં જે વિશેષતા હોય તે બધી જ અહીં છે. તેને શાનદાર, શ્રેષ્ઠ અને સમર્થ તીર્થ બનાવવા માટે મેં તમામ પ્રયત્નો કર્યા છે.

રામચંદ્રજીએ દસ અશ્વમેધ યજ્ઞો કર્યા હતા, તેથી દશાશ્વમેધ ઘાટ તીર્થ બની ગયો. દુનિયામાં બીજી પણ મોટી ઈમારતો કે મોટા સ્થાન હશે, પરંતુ એ બધા તીર્થ બની શકતા નથી. પ્રકૃતિના બધા સ્થળો સરખાં જ હોય છે, પરંતુ જે ભૂમિ પર કોઈ મહાન કાર્ય થાય છે તે તીર્થ બની જાય છે. તીર્થ માટે ભૂમિને સંસ્કાર વાન બનાવવી પડે છે. પ્રાચીનકાલમાં ઋષિઓએ ગુરુ કુળ આશ્રમ તથા આરણ્યક બનાવ્યા હતા. ત્યાં સાધનાના મોટા મોટા અનુષ્ઠાનો થતા હતા. હું પણ આ જ કરી રહ્યો છું. અહીં ચોવીસ  ચોવીસ લાખના કેટલાંય

અનુષ્ઠાન થઈ ચૂક્યાં છે. દર વર્ષે અહીં નવરાત્રિમાં ચોવીસ કરોડ જપનું પુરશ્ચરણ થઈ જાય છે. અહીં દરરોજ નવ કૂંડી યજ્ઞમાં હજારો આહુતિ ઓ આપવામાં આવે છે.

અહીં અખંડ દીપક રહે છે. અહીં મારી અને માતાજીની કઠોર તપશ્ચર્યા નિયમિત રૂપે ચાલતી રહી છે. એનાથી વાતાવરણ દિવ્ય બને છે, તો તમારા ગુરુદેવ પણ પરોક્ષરૂપે આવતા જ રહે છે. તમારામાં જો શ્રદ્ધા હોય, તો અહીં ગાયત્રી માતાનો પ્રકાશ સર્વત્ર અનુભવી શકો છો. મારા ગુરુદેવની અને મારી પ્રાણ ચેતના અહીંના અણુંએ અણુંમાં છવાયેલી રહે છે. મેં તમને કહ્યું છે કે તમે એવો અનુભવ કરો કે  અહીં તમે માતાજીના ગર્ભમાં નિવાસ કરો છો. મરઘી પોતાના ઈંડાને છાતી સરખા રાખીને તેની પર બેસી રહે છે. એનાથી ઈંડા સેવાય છે.

અમે પણ તમને અમારી છાતી સાથે વળગાડીને બેસીએ છીએ અને તમને પરિપકવ બનાવીએ છીએ. આમ છતાંય એ વાત પર ભાર મૂકીએ છીએ કે તારી પોતાની શ્રદ્ધા જીવત રહેવી જોઈએ. જો તમે શ્રદ્ધા નહિ રાખો, તો તમને અહીંના વાતાવરણનો કોઈ લાભ નહિ મળે. બીજા લોકો પણ અહીં આવે છે, ચોર તથા ઉઠાઉગીરો પણ અહીં આવે છે, મોટર ડ્રાઈવરો પણ આવે છે. તેઓ બીડી પીતા રહે છે અને ખાલી હાથે પાછાં જાય છે. એનું કારણ એ છે કે તેમનામાં કોઈ શ્રદ્ધા ભાવના હોતી નથી. શ્રદ્ધાના અભાવમાં બહારની કોઈ વસ્તુ વિશેષ લાભ આપી શકતી નથી.

આજે હું ભાવ શ્રદ્ધા ઉપર ખૂબ ભાર મૂકવા ઇચ્છું છું. જો તમે અહીંનો લાભ મેળવવા ઇચ્છતા હો, તો તમે તમારી શ્રદ્ધા ને જાગ્રત અને જીવંત રાખજો. એનાથી તમે અહીંના અણુંએ અણુ માંથી અમૃત વરસતું અને પ્રકાશ ફેલાતો જોઈ શકશો, પણ જો શ્રદ્ધા નહિ હોય, તો અહીંની ઈમારતો તમને બીજી ઈમારતો જેવી સામાન્ય જ લાગશે.

મીરાને પથ્થરનો એક ટુકડો આપવામાં આવ્યો હતો. મીરા એવું જ માનતા હતા કે આ મારા પતિ છે, મારા ભગવાન છે. એમની શ્રદ્ધાએ તે પથ્થરને સાક્ષાત્ ભગવાન બનાવી દીધા. મીરાને મોકલવામાં આવેલો ઝેરનો પ્યાલો એ ગિરધર ગોપાલ પી ગયા હતા. સાપનો કરંડિયો મોકલવામાં આવ્યો, તો ગિરધર ગોપાલ એ સાપની સાથે રમતા રહ્યા. મીરાએ છેવટે તે કરંડિયાને બંધ કરી દીધો. મીરાને સાપ ના કરડયો. આવું કઈ રીતે થયું ? ગિરધર ગોપાલના કારણે. ગિરધર ગોપાલ કોણ હતા ? પથ્થરનો એક ટુકડો. ના, મીરાની પ્રગાઢ શ્રદ્ધા ભાવનાના કારણે જ તે પથ્થર ગિરધર ગોપાલ બની ગયો. આજે પણ તે પથ્થર ત્યાં પડેલો છે. તમે પણ ત્યાં જઈને જોઈ શકો છો. એમાં કોઈ ચમત્કાર નથી. શ્રદ્ધા જ પથ્થરને ભગવાન બનાવી દે છે. તમે એકલવ્યની વાત સાંભળી છે ને ? ભીલના તે છોકરાએ માટીના દ્રોણાચાર્ય બનાવ્યા હતા, પરંતુ માટીના એ દ્રોણાચાર્ય એટલાં સમર્થ બની ગયા કે કૌરવો તથા પાંડવોને બાણ વિદ્યાનું શિક્ષણ આપનાર અસલી દ્રોણાચાર્યના શિક્ષણ કરતાં એકલવ્યની બાણ વિદ્યા વધારે શ્રેષ્ઠ બની ગઈ.

રામ કૃષ્ણ પરમહંસ કાલિકા માતાના અનન્ય ઉપાસક હતા. લોકોએ રાણીને ફરિયાદ કરી કે તમારે ત્યાંથી આવતો ભોગ પહેલાં તેઓ ખાઈ જાય છે અને કાલીને એંઠો થાળ ધરવો છે. રાણી રાસ મણિ એક દિવસ છુપાઈને બધો ખેલ જોતી રહી. રામ કૃષ્ણ કાલીને કહેવા લાગ્યા કે મા ! આપ ભોજન કરો, પણ તેમણે ભોજન ન કર્યું. રામકૃષ્ણે કહ્યું, "અચ્છા પહેલાં પુત્ર ખાશે, પછી મા ખાશે એમ ને ?" આમ કહીને એમણે પેલાં પોતે ભોજન કર્યું, પછી કાલીને કહ્યું કે માતા ! હવે તો તમારે ભોજન કરવું જ પડશે.

રાણી રાસમણિએ જોયું કે પથ્થરની મૂર્તિના હાથ હાલવા લાગ્યા અને એમણે થાળીમાં જે ભોજન હતું તે ખાઈ લીધું. તે બધું જ ભોજન ખાઈ ગઈ. ખાલી થાળી ધોવા માટે રામ કૃષ્ણ બહાર જઈ રહ્યા હતા ત્યારે રાણી રાસ મણિ ત્યાં આવ્યાં અને તેમનાં ચરણોમાં પડી ગયાં.

એમણે કહ્યું કે દેવ ! આપ સાક્ષાત્ કાલી છો. એ વાત સાચી છે કે રામ કૃષ્ણ પરમહંસ સાક્ષાત્ કાલિકા હતા, કારણ કે પોતાની શ્રદ્ધાથી જ એમણે પથ્થરની મૂર્તિને સાક્ષાત્ કાલી બનાવી દીધી હતી. રામકૃષ્ણે જ્યારે વિવેકાનંદને કહ્યું કે તું કાલી મા પાસે જઈને નોકરી માગી લે. વિવેકાનંદ ત્યાં ગયા, તો જોયું કે વિશાળકાય કાલી આકાશે અડકે એટલી વિરાટ હતી. તે ક્યાંથી પ્રગટ થઈ હતી ?

રામકૃષ્ણે પથ્થરની એ મૂર્તિ માંથી જ એને પ્રગટ કરી હતી. તે એમની શ્રદ્ધાના કારણે પ્રગટ થઈ હતી. આજે પણ તે મૂર્તિ ત્યાં છે, પણ એમાં કોઈ દમ નથી. ચોર લોકો એકવાર એ મૂર્તિના સોનાની જીભ ચોરી ગયા હતા ત્યારે તે માત્ર પથ્થરની મૂર્તિ જ બની રહી. પથ્થરને સાક્ષાત્ કાલી બનાવી દેવાનું શ્રેય રામ કૃષ્ણ પરમહંસની પ્રગાઢ શ્રદ્ધાને ફાળે જ જાય છે.

સ્વામી રામા નંદ કબીરને દીક્ષા આપવા માટે તૈયાર નહોતા. કબીરજી પગથિયા પર સૂઈ ગયા. રામા નંદ અંધારામાં ત્યાં ગયા, તો એમનો પગ કબીરજીની ઉપર પડી ગયો. -રામ રામ- એવું બોલીને તેઓ પાછાં ખસી ગયા. કબીરે બધાને કહેવા માંડયું કે મારા ગુરુ સ્વામી રામા નંદ છે. તેમણે મને મંત્ર દીક્ષા આપી છે.

સ્વામીજીએ એમને પૂછ્યું કે તું બધાને આવી ખોટી વાત કેમ કહે છે ? તો કબીરજીએ કહ્યું, "હું પગથિયાંમાં સૂઈ રહ્યો હતો ત્યારે આપે મારી છાતી પર પગ મૂકી દીધો હતો અને 'રામ રામ' બોલ્યા હતા. આથી મારા માટે તો આપ ગુરુ જ બની ગયા." તમે પણ આવી શ્રદ્ધાના મહત્વને સમજો. જો શ્રદ્ધા નહિ હોય, તો તમે બિલકુલ ખાલી હાથે પાછાં જશો અને મારો પરિશ્રમ પણ નકામો જશે. તેથી કૃપા કરીને તમે તમારી શ્રદ્ધાને જાગ્રત રાખો. તમને હું કોઈ અંધશ્રદ્ધા રાખવાનું કહેતો નથી. અહીં નું વાતાવરણ પરિપૂર્ણ છે. તમે જો ઇચ્છો તો તેનું પરિક્ષણ કરી શકો છો. જો પારખવા યોગ્ય સ્થાન કદાચ ના

પણ હોય તોય શ્રદ્ધાથી તમે એને શ્રેષ્ઠ બનાવી શકો છો. આથી તમે તમારી અંદર શ્રદ્ધા પેદા કરો. મેં મારા ભાગનું કામ પૂરું કરી દીધું છે. જો તમે પણ તમારા ભાગનું કામ પૂરું કરી લેશો તો હું તમને વિશ્વાસ આપું છું કે આ કલ્પસાધના તમારા માટે સૌભાગ્યથી ભરપૂર હશે અને મને એનાથી ખૂબ સંતોષ થશે. આજની વાત સમાપ્ત.

ૐ શાંતિ :

## સાધનાની સફળતામાં વાતાવરણ અને શ્રદ્ધાનું મહત્વ

આધ્યાત્મિક પ્રગતિ માટે વાતાવરણ અનુકૂળ હોવું જોઈએ, નહિ તો સર્વત્ર વ્યાપેલા ભ્રષ્ટ ચિંતન અને ચરિત્રની દુષ્ટતાની અસર થયા વગર રહેતી નથી. પાણી આપોઆપ જ નીચેની તરફ વહે છે. કોઈપણ વસ્તુ પૃથ્વીના ગુરુત્વાકર્ષણના લીધે ઉપરથી નીચેની તરફ જ પડે છે. તેને ઊંચે લઈ જવા માટે વિશેષ પ્રયત્ન કરવો પડે છે અને અનેક સાધનો પણ ભેગાં કરવા પડે છે. એ જ રીતે આત્મિક પ્રગતિ માટે પણ ઉત્સાહ વધારે તથા માર્ગદર્શન આપે એવું વાતાવરણ જરૂરી છે.

આ ના બે ઉપાય છે. એક તો એ કે જયાં આવું વાતાવરણ હોય ત્યાં જઈને રહેવું અને બીજો, જયાં આપણે રહેતા હોઈએ ત્યાં પ્રયત્નપૂર્વક એવા વાતાવરણનું નિર્માણ કરવું.

એકાંત, સ્વાધ્યાય, મનન ચિંતન વગેરે આવા જ ઉપાય છે. કોઈ એકાંત ઓરડામાં કે નિર્જન સ્થળે બેસીને એવો અનુભવ કરવો જોઈએ કે સંસારમાં વ્યાપેલી ખરાબ પરિસ્થિતિઓ સાથેનો મારો સંબંધ તૂટી ગયો છે.

સાધનાની સફળતામાં સ્થાન, વિસ્તાર અને વાતાવરણનું ખૂબ મહત્વ છે. વિશિષ્ટ સાધનાઓ માટે ઘર છોડીને યોગ્ય સ્થળે જવું પડે છે. આપણા કાયમના સ્થળે રહેવાથી સાધના માટે ખૂબ જરૂરી છે એવી મનસ્થિતિ બની શકતી નથી. કુંટુબીઓ તથા પરિચિત લોકોની સાથેના સારા કે ખરાબ સંબંધોની પકડ એવી ને એવી રહે છે. કામનું દબાણ રહે છે. રાગદ્વેષ વધતાં રહે છે. જો આપણે દિનચર્યા બદલીએ તો કુટુંબીઓ તથા સાથીઓને ગમતું નથી અને તેઓ તેમાં અવરોધ ઊભા કરે છે. આહાર તથા દિનચર્યા બદલવાના કારણે ઘરમાં કજિયા પેદા થાય છે.

ઘરના લોકો અને સાથીઓ જેવી પ્રકૃતિના હોય છે એવું જ વાતાવરણ ત્યાં બની જાય છે. આ બધી બાબતોના લીધે મહત્વપૂર્ણ સાધનાઓને યોગ્ય મનસ્થિતિ તથા વાતાવરણ બનતું નથી. દૈનિક નિત્યક્રમના રૂપે કરવામાં આવતી ઉપાસના તો ઘરમાં કરી શકાય છે, પણ જો વિશિષ્ટ સાધના કરવી હોય તો એના માટે વિશેષ સ્થાન, વાતાવરણ, સાંનિધ્ય અને માર્ગદર્શન મળવું જરૂરી છે. આ બધું મેળવવા માટે યોગ્ય સ્થાનનો પ્રબંધ કરવાથી જ સફળતા મળે છે.

સાધનાના ઉચ્ચ કક્ષાના આધ્યાત્મિક પ્રયોગો માટે હિમાલય ક્ષેત્રને અત્યંત ઉપયોગી માનવામાં આવે છે. એ વિસ્તાર ઋષિમુનિઓ તથા યોગીઓની તપોભૂમિ ગણાય છે. અનાદિ કાળથી ત્યાં ઉચ્ચ આધ્યાત્મિક પ્રયોગો થતા આવ્યા છે. તે ઋષિઓની ભૂમિ તથા દેવભૂમિના રૂપમાં વંદનીય રહ્યો છે. દિવ્યદ્રષ્ટાઓનું કથન છે, "બ્રહ્માંડથી ગાઢ આધ્યાત્મિક ચેતનાનું વિશિષ્ટ અવતરણ આ જ ક્ષેત્રમાં થતું રહ્યું છે. હિમાલય બ્રહ્માંડ વ્યાપી દિવ્યચેતનાના અવતરણનું કેન્દ્ર છે. ત્યાં સાધના કરતા, તપ કરતા તથા સંશોધન કરતા ઋષિમુનિઓ અને સાધકો દૈવીશકિતઓની સુસંપન્ન બને છે.

આજે પણ એ ક્ષેત્રમાં બધી જ સૂ૧મ વિશેષતાઓ પ્રચુર પ્રમાણમાં મોજૂદ છે. એ વિશેષતાઓ આત્મિક પ્રગતિ માટે અત્યંત જરૂરી છે. આત્મ સાધના માટે આ ઠંડો પ્રદેશ ખૂબ ઉપયોગી છે. સાથેસાથે હવા પાણીની દૃષ્ટિએ આરોગ્ય વર્ધક છે. ગંગાજળને વૈજ્ઞાનિકોએ દિવ્ય ઔષધીઓનું સંયોજન ગણ્યું છે. એવી માન્યતા છે કે માત્ર ગંગાજળ સેવન કરવાથી પણ અનેક રોગોનો ઉપચાર આપોઆપ જ થઈ જશે."

આત્મિક સ્વાસ્થ્ય વધારવા માટે ઉપયોગી વાતાવરણ જો મળી શકે, તો વિશેષ લાભ થાય છે. તપસ્વીઓ પર્વતની ગુફાઓમાં રહે છે, કંદમૂળ ખાય છે તથા વલ્કલ વસ્ત્રો પહેરે છે. ધૂણી સળગાવીને ઠંડી દૂર કરે છે. તુંબડું તથા નારિયેળની કાચલીનો વાસણો તરીકે ઉપયોગ કરે છે. ઘાસની ચટાઈ પર  સૂઈ જાય છે. તપસાધનાના ઇતિહાસમાં હિમાલયની

ઊંચાઈ તથા દિવ્યતા અને ગંગાતટની પવિત્રતાનો લાભ લેનારા સાધકોની સંખ્યા સૌથી વધુ છે. ઐતિહાસિક તીર્થો તો બીજે પણ છે, પરંતુ આત્મકલ્યાણની સાધના માટે યોગ્ય હોય એવા તીર્થો હિમાલયમાં જેટલા છે તેટલાં બીજે ક્યાંય નથી.

જયાં જે કક્ષાના લોકો રહે છે, જે પ્રકારનાં કાર્યો થાય છે તેની અસર તે ભૂમિના સંસ્કારો ઉપર અવશ્ય પડે છે અને તે લાંબા સમય સુધી પોતાનો પ્રભાવ જાળવી રાખે છે. તપસ્વીઓની પ્રાણ શકિત તેમના નિવાસસ્થાનની આજુબાજુ છવાયેલી રહે છે. ઋષિઓના આશ્રમોમાં સિંહ અને ગાય એકસાથે રહેતા હતા.  હરણ તથા બીજા પશુપક્ષીઓ પણ ત્યાં નિર્ભયતાપુર્વક વિચરણ કરતા હતા. આવા વાતાવરણમાં માનસિક વિક્ષોભો સહજ રીતે જ શાંત થઈ જાય છે અને મનસ્થિતિ આપોઆપ જ સાધનાને અનુરૂપ બની જાય છે. આ દૃષ્ટિએ હિમાલયની મહત્તા અજોડ છે.

એક જ મંત્ર, એક જ સાધનાપધ્ધતિ અને એક જ ગુરુનું માર્ગદર્શન મળવા છતાં જુદા જુદા સાધકોની આત્મિક પ્રગતિ જુદી જુદી હોય છે. કોઈ ઝડપથી આત્મવિકાસના સોપાનો સર કરે છે, તો કોઈ ધીમી ગતિએ આગળ વધે છે. આનું શું કારણ છે ? વિદ્વાનોએ એનો ઉત્તર એક જ વાક્યમાં આપતા કહ્યું છે કે આધ્યાત્મિક ક્ષેત્રમાં શ્રદ્ધાની શકિત જ સર્વોપરી છે. જે રીતે શક્તિના આધારે ભૌતિક કાર્યો થાય છે તથા ઇચ્છિત પરિણામ મળે છે એ જ રીતે આધ્યાત્મિક ક્ષેત્રમાં શ્રદ્ધાના આધારે જ પરિણામ મળે છે.

શ્રદ્ધા વગરની સાધના સાવ નિષ્પ્રાણ રહે છે અને એના માટે કરેલો શ્રમ પણ નકામો જાય છે. શ્રદ્ધાનું મહત્વ બતાવતાં ગીતાકારે કહ્યું છે -

શ્રધ્ધામયોડયં પુરુષો યો યચ્છદ્ધ : સ એવ સ: | ગીતા ૧૭/૩

આ પુરુષ શ્રદ્ધામય છે. જેની જેવી શ્રદ્ધા હોય છે તે પોતે પણ એ શ્રદ્ધાને અનુરૂપ જ બની જાય છે.

આ શ્રદ્ધા જ પથ્થરની નિર્જીવ મૂર્તિમાં પ્રાણ પૂરી દે છે અને તેને અલૌકિક શક્તિથી સંપન્ન કરી દે છે. મીરાએ કૃષ્ણની પ્રતિમાને પોતાની શ્રદ્ધાના બળે એટલી સજીવ બનાવી દીધી હતી કે તે સાક્ષાત્ કૃષ્ણ કરતા વધારે પ્રાણવાન લાગતી હતી. શ્રદ્ધા અને વિશ્વાસ વિશે રામાયણમાં એક સુંદર પ્રસંગ આવે છે. સમુદ્ર પર પુલ બાંધતી વખતે રીંછવાનરો ભગવાન રામ પ્રત્યેના પોતાના વિશ્વાસ અને શ્રદ્ધાનો આધાર લઈને સમુદ્રમાં પથ્થરોને તરાવી શક્યા હતા, પરંતુ રામે પોતે જે પથ્થર ફેંક્યો તે ના તરી શક્યો. આ પ્રસંગ વિશે શાસ્ત્રકારોએ કહ્યું છે કે રામ કરતાં રામનું નામ  મોટું છે, પરંતુ નામમાં કોઈ શકિત હોતી નથી. શકિત શ્રદ્ધામાં જ હોય છે. તે અદભુત સામર્થ્ય પેદા કરે છે.

આધ્યાત્મિક ક્ષેત્રમાં શ્રદ્ધાની શકિત સર્વોપરી છે. આત્મિક ક્ષેત્રમાં  શ્રદ્ધા પાયાની વસ્તુ છે. ગાઢ શ્રદ્ધા જ ચમત્કાર બતાવે છે.

શ્રદ્ધા અને વિશ્વાસ વગર જીવનમાં કોઈ પ્રગતિ થતી નથી, પરંતુ આધ્યાત્મિક ક્ષેત્રમાં તો એને પ્રાણ ગણવામાં આવી છે. આદર્શોનું પાલન કરવામાં પ્રત્યક્ષ રીતે જોઈએ તો નુકસાન જ થાય છે, પરંતુ ઉચ્ચ માન્યતાઓમાં શ્રદ્ધા રાખવાના કારણે જ મનુષ્ય ત્યાગ અને બલિદાનનું કષ્ટ સહન કરવા ખુશીથી તૈયાર થઈ જાય છે. ઈશ્વર અને આત્માના અસ્તિત્વને પ્રયોગ શાળામાં સાબિત કરી શકાતું નથી કારણ કે તેમનો આધાર શ્રદ્ધા ઉપર જ રહેલો છે.

શ્રદ્ધાને મહાનતાનું બીજ કહેવામાં આવે છે. તે જ ઊગે છે, વધે છે અને જીવન રૂપી વૃક્ષને કલ્પવૃક્ષ જેવું બનાવી દે છે. તે જ ચેતનાને પ્રાણવાન બનાવે છે. નરપશુમાંથી માનવ કે મહા માનવ બનવાની દિશામાં આગળ વધવાનું સાહસ શ્રદ્ધાના આધારે જ થઈ શકે છે. શ્રદ્ધા અને આસ્તિકતાનો એકબીજા સાથે ગાઢ સંબંધ છે. શ્રદ્ધાના આધારે જ ઈશ્વરની કૃપા મળે છે. ઈશ્વરની જેટલી કૃપા મળે છે એના પ્રમાણમાં જ જીવન વંદનીય બનવાની સંભાવના રહેલી છે. આ સ્થિતિને રિદ્ધિઓ અને સિદ્ધિઓની જનની કહી શકાય. આ આસ્તિકતાનું પરોક્ષ ફળ છે.

સત્ય, સદગુણો, ઐશ્વર્ય તથા જ્ઞાનનો ભંડાર પોતાની બુદ્ધિથી મળતો નથી. એના માટે પ્રેમ ભાવનાનો વિકાસ કરવો પડે છે. તેને શ્રદ્ધા કહે છે. શ્રદ્ધા સાધકને સત્ય સુધી પહોંચાડી દે છે. શ્રદ્ધાના બળે જ ચિત્તની મલિનતા તથા ખરાબ ચિંતનનો ત્યાગ કરીને

પોતાના ચિત્તને પરમાત્મા સાથે જોડી શકાય છે. પરમાત્મા પ્રત્યે જે તીવ્ર આત્મ ભાવ પેદા થાય છે એ જ શ્રદ્ધા છે. સાત્વિક શ્રદ્ધાથી અંત કરણ આપોઆપ પવિત્ર બની જાય છે. શ્રદ્ધા યુક્ત જીવનથી મનુષ્યના સ્વભાવમાં સુંદરતાનો સમાવેશ થાય છે. તેને જોઈને શ્રદ્ધાવાન સંતોષ પામે છે. સરળ હૃદયની શ્રદ્ધાથી શ્રેયપથની સિદ્ધિ મળે છે.

ભવાની શંકરૌ વંદે શ્રધ્ધાવિશ્વાસ રૂપિણૌ ।

યાભ્યાં વિના ન પશ્યન્તિ સિધ્ધા । સ્વાન્તસ્થમીશ્વરમ્ ॥ -રામાયણ, બાલ કાંડ

હું સૌપ્રથમ ભગવાની અને ભગવાન, પ્રકૃતિ અને પરમાત્માને શ્રદ્ધા અને વિશ્વાસના રૂપમાં વંદન કરું છું, જેમના વિના સિદ્ધિ અને ઈશ્વર દર્શનની ઇચ્છા પૂર્ણ થતી નથી.

સરળતા અને પવિત્રતાના મિલનથી શ્રદ્ધાનો આવિર્ભાવ થાય છે. પાર્થિવ વસ્તુઓથી ઉપર ઊઠવા માટે સરળતા અને પવિત્રતાની અત્યંત જરૂર પડે છે. તેમનો જેટલો વધારે વિકાસ થશે એટલી જ શ્રદ્ધા બળવાન થશે. સરળતા દ્વારા ભગવાનની ભાવાનુભૂતિ થાય છે અને પવિત્ર પ્રેમના માધ્યમથી તેમની રસાનુભૂતિ થાય છે. શ્રદ્ધા એ બંનેનું સંયુક્ત સ્વરૂપ છે. તેમાં ભાવના પણ છે અને રસ પણ છે. જયાં શ્રદ્ધાનો ઉદય થાય છે ત્યાં લક્ષ્ય અવશ્ય પ્રાપ્ત થાય છે.